જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૨/૨૦૨૦  સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૫૫/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૬૫ | ૬ | ૧૦૯૭૧ | ૧૭૧૦૫ | ૬ | ૧૭૧૧૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૪૧ | ૦ | ૪૬૪૧ | ૬૧૬૨ | ૦ | ૬૧૬૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૧ | ૧ | ૬૨ | ૨૩૯ | ૨ | ૨૪૧ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૯૭૫૮ | ૩૧૩ | ૨૦૦૭૧ | ૨૦૮૧૮ | ૩૩૫ | ૨૧૧૫૩ |
| | કુલ | ૩૫૪૨૫ | ૩૨૦ | ૩૫૭૪૫ | ૪૪૩૨૪ | ૩૪૩ | ૪૪૬૬૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૦ | ૧૨,૭૩,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૬૯૫ | ૩૬,૯૫,000/- |

# બ્લડ ડોનેટ

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન

સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે મુસ્કાન માટે રક્તદાન હેઠળ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ, કોરોનાની વિપરતી પરિસ્થિત ધ્યાને લેતા યથાર્થ પ્રયત્નો થકી કુલ ૧૦૧ બોટલ બ્લડ ડોનેશન કરવામાં આવેલું,



# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન

**ખોખરા પો.સ્ટે.વિસ્તારમા થયેલ બુલેટ ચોરી તથા અમદાવાદ શહેર અલગ અલગ પોલીસ સ્ટેશન જેમા નં.(૧)શાહપુર પો.સ્ટે. નં.(૨)ઇસનપુર પો.સ્ટે. નં.(૩) નારોલ પો.સ્ટે.નં.(૪)મણીનગર પો.સ્ટે. નં.(૫)વટવા પો.સ્ટે. વિસ્તારમા થયેલ અલગ અલગ જગ્યાએથી ટુ વ્હિલ વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઇ-ગુજકોપ પોકેટકોપ વાહન સર્ચની મદદથી ઉકેલી ચોરીએ ગયેલ ટોટલ-૦૭ વાહનો જેની કુલ્લે કિં.૨,૦૪૦૦૦/- ગણી શકાય જે મુદ્દામાલ સાથે એક ઇસમને પકડી પાડતી સર્વેલન્સ સ્ક્વોડ ખોખરા પોલીસ**

મે.પોલીસ કમિશરશ્રી,તથા અધિક પોલીસ કમિશરનરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી,ઝોન-૫,તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી ‘આઇ’ ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા વાહન ચોરીના ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે ખોખરા પો.સ્ટે.પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી આર.એન.ચુડાસમા તથા સ્ટાફના એ.એસ.આઇ.તેજપાલસિંહ પુરણસિંહ બ.નં.૭૭૨૮ તથા એ.એસ.આઇ.મહેશભાઇ ગંગારામ બ.નં.૭૫૯૮ તથા હેડ.કોન્સ ભરતસિંહ પરષોતભાઇ બ.નં.૭૦૩૭ તથા પો.કો.અમરસિંહ ડાહ્યાજી બ.નં.૯૬૯૩ તથા પો.કો.ભરતભાઇ કાળુભાઇ બ.નં.૫૨૧૬ તથા લો.ર.વિજયસિંહ રતનસંગ બ.નં.૧૦૮૫૮ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૮૦૯ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા લો.ર.સુનીલકુમાર કાળુભાઇ બ.નં.૯૫૯ એ રીતેના સર્વેલન્સ સ્કવોડના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા કલાક ૨૦/૪૫ વાગ્યે ખોખરા મદ્રાસી મંદિર પાસે આવતા સાથેના હેડ.કોન્સ ભરતસિંહ પરષોતભાઇ બ.નં.૭૦૩૭ તથા લો.ર.વિજયસિંહ રતનસંગ બ.નં.૧૦૮૫૮ નાઓને તેમજ ચોક્કસ બાતમી હકીકત આધારે આરોપી એક ઇસમ જીતેન્દ્રભાઇ સ/ઓ રમણભાઇ કેશવભાઇ ચિતારા ઉ.વ.૩૯ રહે.મ.નં.સી/૪૦૫ સ્વામીનારાયણ પાર્ક વિભાગ-૭ વટવા કેનાલ રોડ વટવા સ્મશાન પાસે ભાડીયાનુ ગરનાળુ ચાર કેનાલ વટવા અમદાવાદ શહેરનાનો તેઓની પાસે રહેલ બુલેટ કોઇ જગ્યાએથી ચોરી કરી મેળવી લઇ આવેલ છે જે બાતમી હકિકત આધારે સદરી આરોપીને રોકી તેઓની પાસે રહેલ રોયલ એન્ફીલ્ડ બુલેટ જેનો આર.ટી.ઓ.નં.જીજે-૨૭-બીએમ-૩૬૩૦ નો લખેલ હતો જેનો આર.ટી.ઓ.નંબર ઇ-ગુજકોપ પોકેટ કોપ વાહન સર્ચ કરતા સદરી બુલેટ ચોરી થતા ખોખરા પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૩૨૦૧૧૨૬/૨૦૨૦ ઇપીકો કલમ-૩૭૯ દાખલ થયેલ હોય જેથી સદરી આરોપીને પકડી યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા સદરી પકડાયેલ ભાંગી પડેલ અને ઉપરોક્ત ગુનાઓ સિવાય નીચે મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે

(૧) નારોલ પો.સ્ટે.એ-પાર્ટ-૧૧૧૯૧૦૬૫૨૦૧૦૫૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૨) નારોલ પો.સ્ટે.એ-પાર્ટ-૧૧૧૯૧૦૬૫૨૦૧૦૬૨/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૩) શાહપુર પો.સ્ટે.એ-પાર્ટ-૧૧૧૯૧૦૪૩૨૦૧૨૪૨/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૪) ઇસનપુર પો.સ્ટે.એ-પાર્ટ-૧૧૧૯૧૦૨૨૨૦૧૬૦૨/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૫) મણીનગર પો.સ્ટે.વિસ્તારમા આવેલ અદાણી પેટ્રોલ પંપની બાજુમા એમ.સી.એ.મેટ.મેડીકલ કોલેજના પાર્કીંગમાંથી

(૬) વટવા પો.સ્ટે.વિસ્તારમા આવેલ ભાડીયા ગરનાળા પાસે આવેલ બળીયાદેવના મંદિની બાજમા

## રીકવર કરવામા આવેલ વાહનો

(૧)હોન્ડા શાઇન જીજે-૦૧-યુએક્ષ-૬૩૮૦ જેની આશરે કિં.રૂ.૪૦,૦૦૦/- ગણી શકાય

(૨) એક બજાજ પલ્સર કાળા કલરનુ જેની આશરે કિં.રૂ.૧૫,૦૦૦/- ગણી શકાય

(૩) હોન્ડા એક્ટીવા સ્કુટર જેની આશરે કિં.રૂ.૧૯,૦૦૦/- ગણી શકાય

(૪) એક હોન્ડા એક્ટીવા નંબર જીજે-૨૭-બીબી-૯૩૯૧ જેની આશરે કિં.રૂ.૨૦,૦૦૦/- ગણી શકાય

(૫)એક હોન્ડા એક્ટીવા.નંબર જીજે-૦૧-એમડબલ્યુ-૯૨૦૭ જેની આશરે કિં.રૂ.૧૦,૦૦૦/- ગણી શકાય

(૬) બુલેટ મો.સા.જોતા R.T.O.નંબર જોતા GJ-27-BM-3630 નો જેની હાલની કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ગણી શકાય

(૭) સ્પ્લેન્ડર NXG મો.સા. જેનો આર.ટી.ઓ નંબર GJ-01-MQ-3144 જેની હાલની કિં.રૂ.૨૦,૦૦૦/- ગણી શકાય

## કામગીરી કરનાર અધિકારી કર્મચારી:-

એ.એસ.આઇ.તેજપાલસિંહ પુરણસિંહ બ.નં.૭૭૨૮ તથા એ.એસ.આઇ. મહેશભાઇ ગંગારામ બ.નં.૭૫૯૮ તથા હેડ.કોન્સ ભરતસિંહ પરષોતભાઇ બ.નં.૭૦૩૭ તથા પો.કો.અમરસિંહ ડાહ્યાજી બ.નં.૯૬૯૩ તથા પો.કો.ભરતભાઇ કાળુભાઇ બ.નં.૫૨૧૬ તથા લો.ર.વિજયસિંહ રતનસંગ બ.નં.૧૦૮૫૮ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૮૦૯ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા લો.ર.સુનીલકુમાર કાળુભાઇ બ.નં.૯૫૯



# પાસા અટકાયતની વિગત

## વટવા પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશનના -૨ તેમજ શરીર-મિલ્કત સંબંધી- ૧ એમ કુલ-૩ આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. તેમજ અન્ય પો.સ્ટે. ખાતે દાખલ થયેલ પ્રોહીબીશન તેમજ શરીર-મિલ્કતસબંધી ગુનાઓના ૩(ત્રણ) આરોપીઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે.પો.કમિ.શ્રી નાઓએ પાસા હુકમ કરતા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ ત્રણેય પાસાના આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી રજુ કરતા આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

અ.નં. (૧) અરબાઝખાન ઉર્ફે રાજા ઉર્ફે મુર્ગો નૌસેખાન જાતે- પઠાણ ઉવ.૨૧ રહે- મ.નં.૪૧,૪૨, ગુલમહોર સોસાયટી, બેરલ માર્કેટની અંદર, બોમ્બે હોટલ, દાણીલીમડા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ અમદાવાદ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ જેમાં (૧) નારોલ પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૮૭/૨૦૧૯ ધી ઈપીકો કલમ ૩૯૨, ૩૯૭, ૨૯૪(ખ), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ કલમ- ૩(૨)(૫) મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૮૨૦ ૦૦૪૧/૨૦૨૦ ધી ઈપીકો કલમ ૩૨૩, ૨૯૪(ખ) મુજબ તથા (૩) વટવા પો. સ્ટે. પાર્ટ-એ-ગુરનં.૧૧૧૯૧૦૩૮૨૦૦૯૩૬/૨૦૨૦ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબ ના શરીર-મિલ્કતસબંધી ગુનાઓને ધ્યાને લઈ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૨૯૮/૨૦૨૦ તા.૧૨/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમ કરેલ હોય આરોપીને તા.૧૩/૧૨/૨૦૨૦ ના કલાક ૦૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને ખાસ જેલ પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



અ.નં. (૨) બાવાભાઈ ઉર્ફે બાવાચંદભાઈ ગોવિંદભાઈ જાતે-ચુનારા ઉવ.૪૬ રહે, મોટો ચુનારાવાસ મોટી દરગાહ પાછળ વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૦૨૨/૧૮ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૧૮૫/૧૯ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ તથા (૩) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં. ૫૨૯૬/૧૯ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ તથા (૪) વટવા પો.સ્ટે. પાર્ટ-સી- ૧૧૧૯૧૦૩૮૨૦૦૧૮૦/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(એ) મુજબ તથા (૫) વટવા પો.સ્ટે. પાર્ટ-સી- ૧૧૧૯૧૦૩૮૨૦૦૩૧૨/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(એ), ૮૧ મુજબ તથા (૬) વટવા પો.સ્ટે. પાર્ટ-સી- ૧૧૧૯૧૦૩૮૨૦૧૦૬૨/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ ના પ્રોહીબીશનના ગુનાઓને ધ્યાને લઈ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૩૦૪/૨૦૨૦ તા.૧૨/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમ કરેલ હોય આરોપણ બેનને તા.૧૩/૧૨/૨૦૨૦ ના કલાક ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપણ બેનને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.




અ.નં. (૩) મીનાબેન વા/ઓ બાવાભાઈ ગોવિંદભાઈ જાતે-ચુનારા ઉવ.૪૫ રહે, મોટો ચુનારાવાસ મોટી દરગાહ પાછળ વટવા અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ વટવા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં. ૫૨૯૬/૧૯ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. પાર્ટ-સી- ૧૧૧૯૧૦૩૮૨૦૦૩૧૨/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(એ), ૮૧ મુજબ તથા (૩) વટવા પો.સ્ટે. પાર્ટ-સી- ૧૧૧૯૧૦૩૮૨૦ ૧૦૬૨/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ ના પ્રોહીબીશનના ગુનાઓને ધ્યાને લઈ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૩૦૫/૨૦૨૦ તા.૧૨/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમ કરેલ હોય આરોપણ બેનને તા.૧૩/૧૨/૨૦૨૦ ના કલાક ૧૭/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપણ બેનને મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

## રામોલ પોલીસ સ્ટેશન

## પાસા અટકાયત કરતી રામોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ પ્રોહિબિશન સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૧૩૦૭/૨૦૨૦ તા.૧૨/૧૨/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી રોહિત હસમુખભાઇ બેલાણી ઉ.વ.૪૪ ધંધો ડ્રાઇવીંગ રહે.એ-૧૪, ગ્રીનપાર્ક એપાર્ટમેન્ટ રીટાનગર સોસાયટીના નાકે રબારી કોલોની રામોલ અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૧૩/૧૨/૨૦૨૦ ના ક.૧૯/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૨૭૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૮/૨૦૨૦**

**વેજલપુરઃ** લસ્સાજી વાઘાજી પ્રજાપતિ (રહે. મધુપુરી રો-હાઉસ રેડીયો મીર્ચી રોડ સેટેલાઇટ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૦ રાતના ૮/૩૦ થી તા.૧૩/૧૨/૨૦૨૦ સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વેજલપુર વિભાવરી સોસાયટી વિભાગ-૦૧ પાસે બેન્ક ઓફ બરોડાની સામે " લસ્સાજી જનરલ કીરાણા સ્ટોર" નામની પોતાની દુકાનના શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી સર-સામાન કિમત રૂપિયા ૨૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.દેસાઈ ચલાવે છે.

**રામોલઃ** રાકેશભાઇ પ્રભાતભાઇ શીકારી (ઉ.વ.૨૧) (રહે. હરિદર્શન ફ્લેટ કેનાલ રોડ શંકર એસ્ટેટ પાસે રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી તા.૧૩/૧૨/૨૦૨૦ કલાક ૩/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની સીડી વાટે અજાણ્યા બે પુરૂષ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી રોકડ રૂપિયા ૫૧,૦૩૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

**રસ્તામાં ગાય અથડાઈ જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૫૯/૨૦૨૦**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કમલસિંઘ જમ્મનસિંઘ કુશવાહ (ઉ.વ.૩૫) (રહે.લક્ષ્મીકૃપા સોસાયટી વેજલપુર) તા.૧૨/૧૨/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે મોહમંદપુરા ચાર રસ્તાથી વાયએમસી ક્લબ તરફ જતા બાબા એગ્સ હોટલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ગાય આવી જતા ગાય અથડાઈ જતા ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ દિનેશ ચૌહાણે "એમ" ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ અંગેની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૦/૨૦૨૦**

**નરોડાઃ** હેલ્કેશકાંત મુશાભાઈ કલાસવા (ઉ.વ.૫૦) (રહે. સાલ્વી એપાર્ટમેન્ટ વિઠ્ઠલનગરનો ટેકરો જશોદાનગર) તા.૦૩/૧૨/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઈ.ડી.સી.ફેઝ-૪ નારાયણ ઈન્ડસ્ટ્રીઝ ખાતે સ્નાન કરીને તાર ઉપર કપડા સુકવતા હતા ત્યારે પગ લપસી જતા એસીડના ટાંકામાં પડી જતા શરીરે દાઝી જતા સારવાર માટે તેમને નવા વાડજ અહમ આઈ.સી.યુ. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૩/૧૨/૨૦૨૦ કલાક ૬/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૧/૨૦૨૦**

બાપુનગરઃ રાધિકાબહેન ડો/ઓ મુકેશભાઇ પટણી (ઉ.વ.૧૫) (રહે. વૈશાલી ફ્લેટ ભક્તિનગરના નેળીયા પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦૨૦ કલાક ૧૦/૩૦ થી તા.૧૩/૧૨/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં કપડાનો દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

**રામોલઃ (૧)** જયશંકર જવાહરલાલ જયસ્વાલ (ઉ.વ.૨૩) (રહે. જનતાનગર શોપીંગ સેન્ટર પાસે રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિદ્યાબહેન મુળાભાઇ ચલાવે છે.

**રામોલઃ (૨)** રાજેશભાઈ સુંદરસિંગ યાદવ (ઉ.વ.૪૮) (રહે. કબીરનગર ભરવાડવાસનો ટેકરો ન્યુ કબીર મંદીર પાછળ વાસ્ત્રાલ ગામ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૨/૨૦ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતરાના છતમાં લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

**નારોલઃ** વિક્રમભાઇ રમેશભાઇ સોલંકી (ઉ.વ.૨૭) (રહે. નારોલ ગામ વણઝારાવાસ તલાવડી પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૨/૨૦ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે ચુંદડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી